# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-05-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# HARSH SANGHAVI CENSUS

રાજ્યભરમાં હાલ વસતિ ગણતરીના પહેલા તબક્કાના ભાગરૂપે સ્વ-ગણતરી કરવામાં આવી રહી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ આજે સુરતથી વસતિ ગણતરીનું સ્વયં અરજીપત્ર ભરી સ્વ-ગણતરી નોંધણી પૂર્ણ કરી. આ અંગે તેમણે પ્રતિક્રિયા આપી.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

ઉલ્લેખનીય છે કે, રાજયભરમાં આગામી પહેલી જૂનથી વસતિ ગણતરીના પહેલા તબક્કાનો પ્રારંભ થશે. આ પહેલા આગામી 31 મે સુધી લોકો સત્તાવાર વેબપોર્ટલ પર જાતે માહિતી ભરી વસતિગણતરીમાં સહભાગી થઈ શકશે.

# CENSUS 2026

વસતિ ગણતરીના પહેલા તબક્કા હેઠળ રાજ્યભરમાં હાલ લોકો સત્તાવાર પૉર્ટલ SE.CENSUS.GOV.IN પર સ્વગણતરી અરજી કરીને વસતિ ગણતરીમાં સહભાગી થઈ રહ્યા છે. રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામિતે દરેક નાગરિકોને આ મહત્વની કામગીરીમાં સક્રિય ભાગીદારી નોંધાવવા અપીલ કરી છે.

તો, ડાંગમાં આહવા સરકારી માધ્યમિક શાળામાં વસતિ ગણતરીને લઈ વહીવટી કર્મચારીઓ, શિક્ષકો અને નિરીક્ષકે મોબાઈલ ઍપ ઉપયોગ, ડેટા સુરક્ષા અને ગણતરી પદ્ધતિની સઘન તાલીમ અપાઈ રહી છે. આ અંગે આહવાના મામલતદાર રજનીશ વૈષ્ણવે વધુ માહિતી આપી.

(BYTE: RAJNISH VAISHNAW, MAMALATDAR, AHWA)

# ST BUS TICKET PRICE DECREASE

એસ.ટી વિભાગ દ્વારા ભાવનગર અને સુરત વચ્ચે એસ.ટી. વોલ્વો બસના ભાડામાં ઘટાડો કરાયો છે. અમદાવાદ-ભાવનગર વચ્ચે અને મુંબઈ-દિલ્હી વચ્ચે નવો રાજમાર્ગ તૈયાર થતાં અંતર ઘટ્યું હોવાથી અમદાવાદ-ભાવનગર વોલ્વો અને અમદાવાદ-સુરત વોલ્વો બસના ભાડું ઘટાડવાનો નિર્ણય કરાયો છે. આ અંગે એસ.ટી. વિભાગના ઉચ્ચ અધિકારીએ વધુ માહિતી આપી.

(BYTE: GSRTC OFFICIAL)

# INTERNATIONAL MUSEUM DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના લોકોને આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે લખ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના સંકલ્પને મૂર્તિમંત કરતા સંગ્રહાલયો આપણી સભ્યતા અને સંસ્કૃતિને વૈશ્વિક ફલક પર નવી ઓળખ આપી રહ્યા છે.

અમદાવાદનો પ્રખ્યાત ગાંધીઆશ્રમ, ભુજનું સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય, વડનગર સ્થિત દેશનું પહેલું 'પુરાતત્વીય અનુભવ સંગ્રહાલય', ગાંધીનગરના કોબા ખાતે નવનિર્મિત 'સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય', લોથલ ખાતે નિર્માણ પામી રહેલું વૈશ્વિકકક્ષાનું 'રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંકુલ'. આવા પ્રાચીન વારસાના જતન સાથે ગુજરાત આજે આધુનિક ટેક્નોલોજીના સમન્વયનું ઉત્કૃષ્ટ કેન્દ્ર બન્યું હોવાનું શ્રી પટેલે વધુમાં જણાવ્યું.

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી 24 કલાક મહત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે. ત્યારબાદ ગરમીમાંથી રાહત મળી શકે છે. હવામાન વિભાગની સત્તાવાર યાદી મુજબ, આજે દિવસભર સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહી શકે છે. દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. જ્યારે ભુજ, અમરેલી, રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ રહ્યાના અહેવાલ છે.

હવામાન વિભાગે લોકોને બપોરે 12થી ચાર વાગ્યા સુધી બિનજરૂરી બહાર ન જવા, બહાર જવાની ફરજ પડે તો માથું ઢાંકીને જવા, સતત પાણી પીતા રહેવા તેમજ હળવા રંગના કપડાં પહેરવાની અપીલ કરી છે.

# AMR FOREIGN DEP PLAN

રાજ્યમાં એશિયાટિક સિંહોની સુરક્ષા અંગે વનવિભાગ દ્વારા કાર્યયોજના તૈયાર કરવામાં આવી. વનવિભાગ અને રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળના અધિકારીઓ દ્વારા ભાવનગર-સોમનાથ રાષ્ટ્રીય રાજમાર્ગ પર સંયુક્ત નિરીક્ષણ પણ કરાયું. દરમિયાન ભાવનગરના મહુવાથી લઈ જાફરાબાદ તાલુકાના ટીંબી ગામ સુધીના દરિયાઈ પટ્ટાના રાજમાર્ગ પર સિંહોની અવરજવર રહેતી હોય તેવા અંદાજે 19થી 20 જેટલા હોટસ્પોટ એટલે ભૌગોલિક જગ્યા શોધવામાં આવી છે. સિંહોની સલામતી અને વાહનોની ગતિ પર નિયંત્રણ લાવવા આ તમામ જગ્યા પર વિશેષ કામગીરી કરાશે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં રાજુલા-જાફરાબાદ પંથકમાં માર્ગ અકસ્માતમાં સિંહોના મોત થતાં વનવિભાગ દ્વારા આ યોજના તૈયાર કરવામાં આવી હોવાનું અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે.

# BHARUCH GOLD MEDAL

ભરૂચની દીકરી સંસલ પટેલે ઇંગલેન્ડમાં વર્લ્ડ રૉ પાવરલિફ્ટિંગ ફેડરેશન – WRPF યુકે વિશ્વકપ 2026માં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ભરૂચમાં માર્ગદર્શન અને તાલીમ હેઠળ તૈયારી કરનારાં સંસલ પટેલ સતત મહેનત અને શિસ્તના કારણે વિશ્વસ્તરની સ્પર્ધામાં વિજય મેળવી ભરૂચના યુવાનો માટે પ્રેરણા બન્યાં. આ સિદ્ધિ બદલ WRPF ઇન્ડિયા, PFI, ગુજરાત સ્પોર્ટ્સ પાવરલિફ્ટિંગ એસોસિએશન દ્વારા સંસલ પટેલને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.